## હરિની દૃષ્ટિ...




સાહેબ, ચોક્શો નહીં... રીઝર્વમાં આવી એટલે તમારી ગાડી ઊભી રહી ગઈ છે એમ કહું છું... રીઝર્વેશનની વાત નથી કરતો...

# વેતન વધારાની માંગ સાથે એલ.આઈ.સી.ના કર્મચારીઓનો સૂત્રોચ્ચાર

## પેન્શન યોજનાથી વંચિત ૧૩ ટકા કર્મચારીઓને સમાવી લેવા પણ માંગ



ગાંધીનગર તા ૧૨

ભારતીય જીવન વીમા નિગમના કર્મચારીઓએ આજે વેતન વધારાની માંગ સાથે સે-૧૧ સ્થિત એલ આઈ સી કચેરી ખાતે સુત્રોચ્ચાર કરીને આક્રોશ વ્યકત કર્યોહતો. જેમાં એલ આઈ સીના ૨૦૦ જેટલા કર્મચારીઓ જોડાયા હતાં. આ તબક્કે કર્મચારીઓ દ્વારા પેન્શન યોજના હેઠળ બાકી રહેતા ૧૩ ટકા કર્મચારીઓને પણ સમાવી લેવા માંગ કરવામાં આવી હતી.

ભારતીય જીવન વીમા નિગમના કર્મચારીઓએ આજે વેતન વધારાની માંગ સાથે સમગ્ર દેશમાં વિવિધ ડિવિઝનલ અને બ્રાન્ચ કચેરીએ દેખાવો અને સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે ગાંધીનગર ડિવિઝનલ કચેરી ખાતે પણ એલ આઈ સી કલાસ વન ફેડરેશન તેમજ એલ આઈ સી એમ્પલોઈઝ એસોસિએશનના કર્મચારીઓએ દેખાવો અને સુત્રોચ્ચાર કર્યો હતો. કર્મચારીઓના જણાંવ્યા મુજબ તેમને તા ૧ ઓગષ્ટ વર્ષ ૨૦૧૨ થી વેતન વધારાનો લાભ મળતો નથી. નાણાંમંત્રાલય દ્વારા વેતન વધારાના મામલે મંજુરી ન અપાતા કર્મચારીઓને નુકશાન થતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આ ઉપરાંત નિગમના ૧૩ ટકા કર્મચારીઓને પેન્શન યોજનાનો લાભ મળતો નથી. જે તે સમયે અન્ય વિકલ્પ પસંદ કરતા આ કર્મચારીઓ પેન્શનના લાભથી વંચિત રહી ગયા છે. જેમને સમાવી લેવા પણ માંગણી કરવામાં આવી હતી. એલ આઈ સી કચેરી પાસે આ કર્મચારીઓ દ્વારા હમારી માંગે પુરી કરો ના સુત્રોચ્ચાર સાથે દેખાવો કરવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગર બ્રાન્ચના ૨૦૦ જેટલા કર્મચારીઓ જોડાયા હતા.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નવાનગર સેજાના મહેસુલી તલાટી ભાદોલિયા લાંચ પ્રકરણમાં ઝડપાતાં એ.સી.બી. રિપોર્ટના આધારે તેમને નોકરીમાંથી બરખાસ્ત કરવામાં આવ્યા છે.

● જિલ્લા આયોજન અધિકારી તરીકેનો ચાર્જ આંકડા અધિકારી શ્રી એન.જી. પટેલને સોંપવામાં આવ્યો છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાનું તંત્ર ૧૫મી ઓગષ્ટની ઉજવણી માટેની તૈયારીમાં વ્યસ્ત બન્યું છે.

● મનપાના નાયબ મ્યુનિ. કમિશનર બનાસકાંઠાની પ્રતિ નિયુકતી પરથી પરત આવ્યા છે. જો કે કોર્પોરેશનના ૩૦ કર્મચારીઓની એક નવી ટીમ ત્યાં સ્થાનિક કર્મચારીઓની મદદ માટે મોકલવામાં આવી છે.

● મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે આજે જિલ્લા રોજગાર કચેરી દ્વારા મહિલા ભરતી મેળાનું બલરામ મંદિર ખાતે આયોજન કરી શ્રમજીવી દિવસની ઉજવણી કરાશે.

● જિલ્લા પંચાયતમાં જુનિયર કલાર્કમાંથી સિની. કલાર્કની બઢતીના આદેશો ટુંકમાં જાહેર થશે.

● કલોલ અને દહેગામ નગરપાલિકાની ચૂંટણીના નવા સીમાંકન અંગેના આખરી આદેશો ચૂંટણીપંચ દ્વારા જારી કરી દેવામાં આવ્યા છે.





## રીઢા ચેઈન સ્નેચરને ઝડપાવનાર ફાલ્ગુનીબહેનનું સન્માન કરાયું

આજે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત સે. ૪-સીના ૬૭ વર્ષીય ફાલ્ગુનીબહેન અનિલભાઈ મહેતાનું સન્માન કરાયું હતું. ફાલ્ગુનીબહેને કુરીયર બોયના સ્વાંગમાં આવેલ રીઢા ચેઈન સ્નેચરને ઝડપવામાં પોતાના ઘરે છટકુ ગોઠવાવડાવી પોલીસની મદદ કરી હતી. તેમના અદમ્ય સાહસ બદલ જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ તથા ગાંધીનગર મનપાના મેયર હંસાબેન મોદીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

# ઘાતક હથિયારો સાથે ધાડ પાડવા નીકળેલી ગેંગ ઝડપાઈ

### દેશી પીસ્તોલ, જર્મન ડમી પીસ્તોલ, ૭ કારતુસ, લાકડી, ધારીયા અને પાઈપ જેવા ૧૧ હથિયારો સાથે ૩ ગાડી અને ૩ બાઈક પર નીકળેલા ૧૩ શખ્સોની ધરપકડ : ૨૪.૨૩ લાખના મુદ્દામાલ સાથે જમીયતપુરાથી તમામ પકડાયા : ત્રણ મુખ્ય સુત્રધાર ૪ દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા. ૧૨

જમીયતપુરા પાસેથી અડાલજ પોલીસે ગઈ રાત્રે ઘાતકી હથિયારો ભરી-ભરીને ગાડીઓ-બાઈકો લઈને ધાડ પાડવા નીકળેલી ગેંગને ઝડપી પાડી હતી. આ ગેંગ પાસેથી બે પીસ્તોલ, ૭ જીવતા કારતુસ, લાકડી, ધારીયા, પાઈપો જેવા ૧૧ હથિયારો સાથે ૧૩ શખ્સોની ગેંગને ઝડપી લઈ ૧૮ મોબાઈલ, ૩ બાઈક, ૩ ગાડીઓ મળીને કુલ રૂ. ૨૪.૨૩ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. ત્રણ મુખ્ય સુત્રધારના ૧૬ ઓગષ્ટ સુધીના રિમાન્ડ કોર્ટે મંજુર કરતાં સઘન પુછપરછ શરૂ કરવામાં આવી છે.

અડાલજ પોલીસને ગઈ રાત્રે બાતમી મળી હતી કે જમીયતપુરા પાસેથી એક ગેંગ ઘાતક હથિયારો સાથે ધાડના ઈરાદે જઈ રહી છે જેને આધારે વૉચ ગોઠવીને ૧૩ શખ્સોની ટોળકીને હથિયારો સાથે પકડી લીધી હતી. સ્કોર્પીયો, સ્કોડા અને સ્વિફ્ટ ડીઝાયર ગાડી તથા ત્રણ બાઈક મળીને છ વાહનો લઈને નિકળેલા આ ૧૩ શખ્સો પાસેથી પોલીસને ૧૮ મોબાઈલ, ૧૧ લાકડી, ધારીયા અને પાઈપો ઉપરાંત જર્મન બનાવટની ડમી પીસ્તોલ તથા એક દેશી પિસ્તોલ અને ૭ જીવંત કારતુસો મળી આવતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. તમામ ૧૩ શખ્સોની રૂ. ૨૪,૨૩,૭૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ હથિયારો ક્યાથી લાવ્યા ?, ક્યાં જઈ રહ્યા હતા ?, શુ પ્લાન હતો ? તે સહિતની પુછપરછ માટે અડાલજ પીએસઆઈ એમ.આઈ. પરમારે કોર્ટમાં રજુ કરતા ત્રણ મુખ્ય સુત્રધારો કરણ દેવેન્દ્ર રબારી, ઋતુલ શૈલેશ પટેલ અને નિકુલ બળદેવ દેસાઈના ૧૬ ઓગષ્ટ સુધીના રિમાન્ડ કોર્ટે મંજુર કર્યા છે. જેને આધારે સઘન પુછપરછ શરૂ કરવામાં આવી છે.

# ૧૭મીએ ગાંધીનગર આવતા અડવાણી

### ગ્રામ વિકાસ એજન્સી અને આરોગ્ય વિભાગની બેઠકોમાં હાજરી આપશે : તંત્ર દ્વારા ચાલતી તૈયારી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સાંસદ અને ભાજપના રાષ્ટ્રીય અગ્રણી શ્રી લાલકૃષ્ણ અડવાણી આગામી ૧૭મી ઓગષ્ટના રોજ એક દિવસના ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે.

શ્રી અડવાણી ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિજીલન્સ એન્ડ મોનીટરીંગ કમિટીની બેઠકમાં હાજરી આપશે. આ પછી તેઓ બપોરે ૧૨ વાગે આરોગ્ય વિભાગની વિજીલન્સ એન્ડ મોનીટરીંગ કમીટીની બેઠકમાં હાજરી આપશે.

૧૭મીએ શ્રી અડવાણીની હાજરીમાં મળનારી આ બેઠકમાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની સમીક્ષા થવાની હોવાથી મહત્વની બેઠક બની રહેશે. તો આરોગ્ય વિભાગની બેઠકમાં જિલ્લામાં પાંચ વર્ષ દરમ્યાન આરોગ્ય ક્ષેત્રની વિવિધ યોજનાની સમીક્ષા કરાશે. શ્રી અડવાણી છેલ્લા ચાર વખતથી સતત આ વિજીલન્સ કમિટીની બેઠકમાં હાજરી આપી રહ્યા છે. આ વખતની બેઠકમાં મનરેગા અને શૌચાલયની નબળી કામગીરીને લઈ શું ચર્ચાઓ થાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

## દસ ગામ લેઉવા પાટીદાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

લેઉવા પાટીદાર આદર્શ મંડળ દ્વારા આગામી તા. ૩૦ ઓગષ્ટના રોજ સે-૧૫ સ્થિત વિઠ્ઠલભાઈ પટેલ છાત્રાલય ખાતે બપોરે ૩.૦૦ કલાકે દસ ગામ પાટીદાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવશે. સમાજના જે વિદ્યાર્થીઓએ માર્કશીટ આપવાની બાકી હોય તેમણે તા. ૧૮મી સુધીમાં મોકલી આપવા જણાવાયુંછે. આ કાર્યક્રમમાં દસ ગામ પાટીદાર સમાજના સર્વેપરિવારજનોને હાજર રહેવા મંડળના મંત્રી હરેશ પટેલે જણાવેલ છે.

# નવરચિત મહિસાગર જિલ્લામાં ૬૯મા સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી

### મુખ્યમંત્રી ૧૪ અને ૧૫ ઓગષ્ટના બંને દિવસોએ જન ઉજવણીમાં સહભાગી બનશે

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ભારતના ૬૯મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના રાજ્યકક્ષાના મહોત્સવના રાષ્ટ્રીય અવસરે આગામી ૧૫મી ઓગષ્ટ-૨૦૧૫ના રોજ મહિસાગરના મુખ્યમથક લુણાવાડામાં ધ્વજવંદન કરાવશે અને જનતા જનાર્દનનું અભિવાદન કરી દેશભક્તિ સાથે રાષ્ટ્ર માટે કર્તવ્યભાવનો પ્રેરક સંદેશો આપશે.

ગુજરાત સરકારના પ્રવક્તા આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને નાણા મંત્રી શ્રી સૌરભાઈ પટેલે ૬૯મા આઝાદી પર્વનો રાજ્યકાનો મહોત્સવ આ વર્ષે મહિસાગર જિલ્લામાં જનભાગીદારીથી વિકાસના મહાપર્વ તરીકે ઉજવાઈ રહ્યો છે તેની વિગતવાર રૂપરેખા આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે સમગ્ર મહિસાગર જિલ્લામાં ૧ ઓગષ્ટ-૨૦૧૫થી જ જનહિતના વિકાસકામોના વિવિધ લોકાર્પણ, શિલાન્યાસના શ્રેણીના મંત્રીશ્રીઓના હસ્તે કાર્યક્રમો સંપન્ન થઈ રહ્યા છે.

રાજ્ય સરકારના મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, રાજ્યમંત્રીશ્રીઓ અને વિવિધ બોર્ડ નિગમોના અધ્યક્ષશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ દ્વારા સમગ્ર જિલ્લામાં મળીને એકંદરે રૂ. ૫૨ કરોડના ખર્ચ સાથે ૨૮૦ લોકાર્પણ અને રૂ. ૨૧ કરોડના ૧૨૧ ખાતમુહૂર્તના કામો સાથે કુલ રૂ. ૧૮૭ કરોડના કુલ ૪૦૯ વિવિધ વિકાસકામોનો મહાયજ્ઞ મહિસાગર જિલ્લામાં ૧૫મી ઓગષ્ટ સુધી સતત ચાલવાનો છે અને જનસુખાકારી,

● અનુસંધાન પાના ૭ પર




## દહેગામની કન્યા શાળામાં કાનૂની શિબિર યોજાઈ

દહેગામ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ કન્યા શાળા ખાતે મહિલા સશક્તિકરણ અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં રીટેઈનર્સ લોયર બી.બી. વાઘેલા, પી.જી. પ્રજાપતિ, વાય.પી. જનસારી, કમલભાઈ પરમાર, આર. જે. રાઠોડ, હિરલ ઠાકોર વગેરેએ મહિલાઓને લગતા કાયદાઓ વિશે રસપ્રદ અને સચોટ માહિતી તેમજ માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે ઉપસ્થિત મહિલાઓને મુંઝવતા પ્રશ્નોનો પણ જવાબ આપી નિરાકરણ કર્યું હતું. શિબિરમાં ઉષાબેન પટેલ સહિત શાળા પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.

# આગામી ૨૫મીએ એક પણ કોલેજ બંધ નહીં રહે : કુલપતિ

અમદાવાદ, તા.૧૨

આગામી ૨૫ ઓગસ્ટેનાં રોજ અમદાવાદમાં પાટીદાર સમાજની જંગી રેલી યોજાવાની છે. આ રેલીમાં વધુમાં વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી શકે તે માટે પાટીદાર સમાજ દ્વારા ૨૫ ઓગસ્ટે ગુજરાત યુનિવર્સિટી અને જીટીયુ સલગ્ન કોલેજોમાં બંધનું એલાન આપવાની જાહેરાત કરી છે. આ માટેની જાહેરા સાથે સાથે ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ એમ એન પટેલને પાટીદાર અનામતમાં સમર્થક ગણાવતા મેસેજ વ્હોટસએપ સહીતનાં સોશ્યલ મિડીયામાં ફરતા થયા છે.

જો કે, કુલપતીએ આ તમામ દાવાઓનું ખંડન કરીને ૨૫મી ઓગસ્ટે તમામ કોલેજોમાં શૈક્ષણીક કાર્ય ચાલુ રાખવાની બાંહેધરી આપી હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત આવતી કોલેજોમાં ૨૫ ઓગસ્ટના રોજ શૈક્ષણીક સત્ર બંધ રાખવા અંગે કુલપતિને નિશાન બનાવીને વોટ્સએપ ઉપર મેસેજ વાઈરલ થયો હતો. જેના કારણે અનેક વિદ્યાર્થીઓ અને કોલેજના સંચાલકો વિમાસણમાં મુકાયા હતા. જે બાદ સમગ્ર ઘટના અંગે કુલપતિ એમ એન પટેલ દ્વારા આ વાત ખોટી હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી. કોઈ વિદ્યાર્થીનેતાએ આ પ્રકારની ટીખળ કરી હોવાનું કુલપતિએ જણાવ્યું હતું. કોઈ વિદ્યાર્થીનેતા દ્વારા મારા નામ પર આ પ્રકારની અફવા ઊડવાની શરૂ થઈ છે.

કુલપતિ એમ એન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ૨૫મી એ શિક્ષણકાર્ય રાબેતા મુજબ ચાલુ રહેશે. તમામ કોલેજ રાબેતા મુજબ ચાલુ રાખવા કોલેજોનાં સંચાલકોને જાણ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આગામી ૧૩ ઓગસ્ટના રોજ પાટીદાર સમાજ દ્વારા ગુજરાત યુનિવર્સિટી ખાતે અભિપ્રાય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પાટીદાર સેનેટ મેમ્બર, પૂર્વ સેનેટ મેમ્બર, વેલ્ફેર મેમ્બર અને પાટીદાર વિદ્યાર્થી અગ્રણીઓને ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આ અભિપ્રાય સભામાં ગુજરાત યુનિવર્સિટીમાં એક દિવસીય શૈક્ષણિક કાર્યની આળગા રહેવા મુદ્દે ચર્ચા કરાશે.




ખોખરા કેકે શાસ્ત્રી કોલેજ પાસે વિદ્યાર્થીઓ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. કુલપતિ સામેના વિરોધમાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# પીએચડી, એમ ફિલમાં ૧૦ માર્ક્સના ગ્રેસિંગની માંગણી

ગુજરાત યુનિવર્સિટીને રાજયની સૌથી મોટી યુનિવર્સિટી માનવામાં આવે છે. એક સમય એવો હતો કે શિક્ષણ માટે ગુજરાત યુનિવર્સિટીનું નામ ગૌરવભેર લેવાતુંહતુ. જો કે આજકાલ આ યુનિવર્સિટીનું નામ નિતનવા કૌભાંડ માટે લેવાય છે, ત્યારે હવે કૌભાંડોની સાથે સાથે યુનિવર્સિટીનું શિક્ષણ પણ ખાડે ગયું હોય તેમ લાગી રહ્યું છે. કારણકે તાજેતરમાં લેવાયેલી પીએચડી અને એમ ફિલમાં પ્રવેશ માટે લેવાયેલી ટેસ્ટમાં ૧૫ વિષયમાં એક પણ વિદ્યાર્થી પાસિંગ માર્ક્સ પણ મેળવી શક્યો નથી. સૌથી વધુ કરુણ બાબત એ છે કે, આવી ઉચ્ચ અભ્યાસ માટેની એલિજિબિલિટી ટેસ્ટ પાસ ન કરી શકનારા વિદ્યાર્થીઓ હવે પ્રવેશ માટે ૧૦ માર્ક્સનું ગ્રેસિંગની માગણી કરી રહ્યા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં વિવિધ વિષયોમાં પીએચડી અને એમ ફિલ કરવા માટે પીએચડીની પ્રવેશ પરીક્ષા લેવામાં આવી હતી. પોતાના પસંદગીના વિષયમાં પીએચડી કરવા માટે સેંકડો વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. યુનિવર્સિટી દ્વારા આ પરીક્ષાનું પરિણામ બે દિવસ પહેલાં જાહેર કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં વિવિધ ૧૫ વિષયોમાં એક પણ વિદ્યાર્થી પાસિંગ માર્ક્સ મેળવી શક્યો ન હતો. આવા નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૪૦૦ જેટલી થવા પામે છે. નવાઈની વાત તો એ છે કે પીએચડી અને એમ ફિલ માટે સૌથી વધુ ગુજરાતી વિષયમાં ૮૪ બેઠકો છે, પરંતુ આ વિષયમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જો કે તેમાંથી એક પણ વિદ્યાર્થી પાસિંગ માટેના ૫૦ ટકા માર્ક્સ મેળવી શક્યો ન હતો.

## આજે ખિમજી વિસરામ હોલમાં ખાસ મહિલાઓ માટે બે નાટ્ય શૉ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

માહિતી કમિશનર કચેરીના ઉપક્રમે ગાંધીનગરના કડી શૈક્ષણિક સંકુલના ખિમજી વિસરામ હોલમાં તા. ૧૩મી ઓગષ્ટ ગુરૂવારે બપોરે ૧.૩૦ વાગે નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત કાર્યક્રમ 'સમર્પણ એટલે સન્નારી' યોજાશે. આ કાર્યક્રમ અંતર્ગત બે નાટકોની પ્રસ્તુતિ કરવામાં આવશે જેમાં પ્રથમ નાટક જાદુગર અને દ્વિતિય નાટક સમર્પણ એટલે સન્નારીના શૉ યોજાશે.

રાજ્ય સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ સંઘની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માત્ર મહિલાઓ માટે જ યોજવામાં આવશે જેમાં ગાંધીનગરના યુવા કલાકારો પોતાના અભિનયના અજવાળા પાથરશે.

**રક્તદાન મહાદાન**

# કવિ વિનોદ જોશીને સાહિત્ય ગૌરવ પુરસ્કાર અપાશે

### ૧૩મી ઓગષ્ટે મોરારીબાપુના હસ્તે અર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતી સાહિત્યનો અત્યંત પ્રતિષ્ઠિત ગણાતો અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિવર્ષ અપાતો રૂપિયા એક લાખનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર આ વર્ષે ભાવનગર સ્થિત ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ કવિ વિનોદ જોશીને પૂ. મોરારીબાપુના હસ્તે અર્પણ થશે.

આ માટે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ભાવનગરના યશવંત નાટ્યગૃહમાં તા. ૧૩ ઓગષ્ટ, ગુરૂવારે યોગાનુયોગ કવિના જન્મદિવસે જ રાત્રે ૮.૦૦ કલાકે રાજ્ય સાંસ્કૃતિક મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીની અધ્યક્ષતામાં અને ભાવનગરના ધારાસભ્ય તેમજ મેયરની ઉપસ્થિતિમાં અર્પણ કરાશે. જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા ખાસ હાજરી આપશે. વરિષ્ટ વિવેચક ડૉ. સતીશ વ્યાસ કવિ વિનોદ જોશીના સર્જન વિષે વાત કરશે અને પૂ. મોરારીબાપુ પ્રાસંગિક પ્રવચન કરશે. કાર્યક્રમનું સંચાલન કવિ પ્રણવ પંડ્યા કરશે. રસ ધરાવતા સહુને જાહેર નિમંત્રણ અપાયું છે.

# રવિવારે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા નારી ઉત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૨

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટની મહિલા પાંખ દ્વારા તા. ૧૬મી ઓગષ્ટ રવિવારે બપોરે ૧ થી સાંજના ૬ વાગ્યા દરમ્યાન નારી ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ મહિલાઓ માટે આયોજિત આ કાર્યક્રમ સે. ૨૩માં કડી કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાશે. જેમાં મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, આરતી સુશોભન સ્પર્ધા, સલાડ મેકીંગ, હેરસ્ટાઈલ વગેરે સ્પર્ધાઓનુંઆયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા નગરની મહિલાઓને સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવાના જયશ્રીબેન ખેતિયા, હર્ષાબા ધાંધલ, કલ્પનાબેન ધોળુ અથવા સાધનાબેન દોશીનો સંપર્ક સાધવા જણાવાયું છે.